**//આંક–૧ હેઠળ હુકમ//**

(૧) અરજદારો તરફે હાલની અરજી વળતરની રકમ ઉપાડવા અંગે કરવામા આવેલ છે.

(૨) હાલની અરજીની હકીકત જોવામા આવે તો તેમા જણાવેલ છે કે અરજદારોની ખેતીની જમીન મોજે ગામ લીંબરવાડા, તા.વિરપુર, જી.મહીસાગરના રેવન્યુ સર્વે નં.૧૭૦/૨, ૧૭૧/૨ ની આવેલી છે. જે જમીનમાં આ કામના સામાવાળા ઓએ સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલના કામે જમીન સંપાદન કરેલ અને એલ.એ.કયુ. કેસ નં. ૨૬/૨૦૦૪, તા.૦૭/૦૩/૨૦૦૫ ના રોજ સંપાદન કરી એવોર્ડ જાહેર કરેલો. જેમાં પ્રાથમીક વળતર ઓછુ મળતા વધુ વળતર મેળવવા માટે અરજદારે વળતર અરજી દાખલ કરેલી. વધુમાં જણાવેલ છે કે સદર વળતર અરજી નામદાર કોર્ટમાં ચાલી જતા નામદાર કોર્ટે તા.૧૫/૦૬/૨૦૨૪ના રોજ વધુ વળતર ચુકવવાનો હુકમ કરેલો છે. આ હુકમ મુજબ સામાવાળાઓએ વળતરની રકમ નામદાર કોર્ટમા સી. રજી. નં.૩૫/ ૨૦૨૪–૨૦૨૫, તા.૨૮/૦૨/૨૦૨૫ ના રોજ રૂા.૨૫,૯૦,૯૯૮/– (અંકે રૂપિયા પચ્ચીસ લાખ નેવુ નવસો અઠ્ઠાણુ પુરા) નામદાર કોર્ટમાં જમા કરાવેલા છે. વધુમાં જણાવેલ છે કે સામાવાળાઓએ ઉપલી અદાલતમાં અપીલ કર્યાની તેઓને ખબર નથી કે ઉપલી અદાલતની કોઈ નોટીસ તેઓને આજદિન સુધી બજેલ નથી જે નામદાર કોર્ટને જાહેર કરેલ છે. અરજદાર નાથાભાઈ લખુભાઈ પરમાર તથા મગુબેન તે લખુભાઈ બાદરભાઈની દિકરી તથા ગુલાબસીહની પત્ની તથા શાન્તાબેન તે લખુભાઈ બાદરભાઈની દિકરી તથા કિરીટસિંહની પત્ની તથા શારદાબેન તે લખુભાઈ બાદરભાઈ પરમારની દિકરી તથા અભેસિંહની પત્ની તથા અમરબેન તે લખુભાઈ બાદરભાઈ પરમારની દિકરી તથા રમણભાઈ લખુભાઈ પરમાર ધ્વારા સદર કામે નામદાર કોર્ટમાં જમા થયેલી રકમનો એકાઉન્ટ પે ચેક અરજદાર અભેસીંગ લખુભાઈ પરમારના નામનો બનાવી આપવા બાબતે સંમતી અંગેના સોગંદનામા રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે અરજદારોને બેંકમાં અલગ અલગ ખાતા ખોલાવવા ન પડે તેની સુગમતા ખાતર નામદાર કોર્ટમાં જમા થયેલી

રકમનો એકાઉન્ટ પે ચેક તમામ અરજદારો પૈકી અરજદાર અભેસીંગ લખુભાઈ પરમારના નામનો બનાવી આપવા અરજ કરેલ છે અને તેઓ તેમને તેમના ભાગની રકમ ચુકવી દેશે તેઓ તેમને સંપુર્ણપણે ભરોસો અને વિશ્વાસ છે. વધુમાં જણાવેલ છે કે તેઓ ચેક લેનાર અરજદાર તમામને ભાગે પડતી હિસ્સાની રકમ ચુકવી આપવા બંધાયેલા છે. આમ, એલ.એ.આર. નં. ૦૧/૨૦૧૮ ના કામે જમા થયેલ રકમ રૂા.૨૫,૯૦,૯૯૮/- (અંકે રૂપિયા પચ્ચીસ લાખ નેવુ નવસો અઠ્ઠાણુ પુરા) નો એકાઉન્ટ પે ચેક તમામ અરજદારો પૈકી અરજદાર અભેસીંગ લખુભાઈ પરમારના નામનો બનાવી આપવા હુકમ કરવા તેમજ બીજી યોગ્ય અને વ્યાજબી દાદ અપાવવા અરજ કરેલ છે.

(૩) હાલની અરજી વંચાણે લીધી. અરજીના સમર્થનમા રજુ દસ્તાવેજો ધ્યાને લીધા. સામાવાળાઓ તરફે આંક-૦૭ તથા આંક-૧૬ થી રજુ થયેલ જવાબ ધ્યાને લીધો. નાઝરશ્રીનો રીપોર્ટ વંચાણે લીધો. રેકર્ડ ધ્યાને લીધુ. પક્ષકારો તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા.

(૪) આ કામે અરજદાર તરફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે અરજદારની જમીનનુ સંપાદન કરી એવોર્ડ જાહેર કરેલો. જેમાં પ્રાથમીક વળતર ઓછુ મળતા વધુ વળતર મેળવવા માટે અરજદારે વળતર અરજી કરેલી. જે વળતર અરજીમાં નામદાર કોર્ટે તા.૧૫/૦૬/૨૦૨૪ ના રોજ હુકમ કરેલો છે. જે હુકમ મુજબ સામાવાળાઓએ તા.૨૮/૦૨/૨૦૨૫ ના રોજ રૂા.૨૫,૯૦,૯૯૮/- (અંકે રૂપિયા પચ્ચીસ લાખ નેવુ નવસો અઠ્ઠાણુ પુરા) નામદાર કોર્ટમાં જમા કરાવેલ છે. સામાવાળાઓએ અપીલ કરેલી નથી. જરૂરી દસ્તાવેજો તથા સંમતી સોગંદનામુ રજુ કરેલ છે. આમ, અરજીની હકીકતો તથા રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લઈ અરજીમાં માંગ્યા મુજબનો હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૫) સામાવાળાઓ તરફે વિ.ડી.જી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે સદર એલ.એ.આર. ૦૧/૨૦૧૮ ના નીચલી કોર્ટના ચુકાદા અન્વયે સદર એલ.એ.આર.ના વળતરના નાણાં નામદાર કોર્ટ બાલાસિનોરમાં જમા કરાવવામાં આવેલ છે જે અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટ ખાતે નામદાર જીલ્લા અદાલતના ચુકાદા

સામે આર.એફ.એ. ૧૫૭/૨૦૨૬ થી નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવેલ જેમા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઉકત અપીલ પેટી કલેઈમ તરીકે ગણી ડીસમીસ કરવામા આવેલ છે જેથી સરકારશ્રી કક્ષાએથી નિર્ણય ન આવે ત્યાં સુધી સામાવાળાને અરજદારના ૧૦૦% રકમ ઉપાડ સામે વાંધો હોવાનું જણાવેલ છે. વધુમાં આંક–૦૭ તથા આંક–૧૬ થી વિગતવારનો જવાબ રજુ કરેલ હોવાનું જણાવેલ છે.

(૬) આ કામે રેકર્ડ ધ્યાને લેવામા આવે તો નામદાર કોર્ટે એલ.એ.આર. નં.૦૧ /૨૦૧૮ ના કામે તા.૧૫/૦૬/૨૦૨૪ ના રોજ વધુ વળતર ચુકવવાનો હુકમ કરેલ છે. વધુમાં આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ અભેસીંગ લખુભાઈ પરમારના સોગંદનામામા જણાવેલ છે કે અરજદારોના વળતરનો એકાઉન્ટ પે ચેક આપવામા આવે તો તેઓને કોઈ પણ જાતનો વાંધો નથી અને બેંકમા ખાતા ખોલાવવા સરળતા રહે તેમ છે જેથી તેઓ વતી તેઓને વળતરનો ચેક આપવામા આવે તો તેઓને કોઈ વાંધો તકરાર નથી. વધુમાં આ કામે નાઝરશ્રીનો રીપોર્ટ વંચાણે લેવામા આવે તો અત્રેની કચેરીના એલ.એ.આર. નં.૦૧ /૨૦૧૮ માં સીવીલ સી. રજી. નં.૩૫/૨૦૨૪–૨૦૨૫ થી રૂા.૨૫,૯૦,૯૯૮/– (અંકે રૂપિયા પચ્ચીસ લાખ નેવુ નવસો અઠ્ઠાણુ પુરા), તા.૨૮/૦૨/૨૦૨૫ ના રોજ જમા લીધેલ છે. વધુમાં આ રકમ પાંચ વર્ષ માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બાલાસિનોર શાખામાં એફ.ડી.આર. કરાવેલ હોવાનુ જણાવેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતે અરજદારોને જમા થયેલ તમામ રકમ આપવી યોગ્ય અને ન્યાયીક જણાય છે. આમ ઉપરોકત તમામ સંજોગોમાં હાલની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## હુ ક મ

(૧) હાલની અરજી અંશત: મંજુર કરવામા આવે છે.

(૨) નાઝરશ્રીને આદેશ કરવામા આવે છે કે એલ.એ.આર. નં.૦૧/૨૦૧૮ ના કામે સીવીલ સી. રજી. નં.૩૫/૨૦૨૪–૨૦૨૫ થી રૂા.૨૫,૯૦,૯૯૮/– (અંકે રૂપિયા પચ્ચીસ લાખ નેવુ નવસો અઠ્ઠાણુ પુરા) જે તા.૨૮/૦૨/૨૦૨૫ના રોજ જમા

લીધેલ છે તેમજ જેની પાંચ વર્ષ માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બાલાસિનોર શાખામાં એફ.ડી.આર. કરાવેલ છે તે છુટી કરી રૂા.૨૫,૯૦,૯૯૮/- (અંકે રૂપિયા પચ્ચીસ લાખ નેવુ નવસો અઠ્ઠાણુ પુરા) તથા તેના ઉપરની વ્યાજની રકમ સાથેનો અરજદારો પૈકી અરજદાર અભેસીંગ લખુભાઈ પરમારના નામનો એકાઉન્ટ પે ચેક નિયમોનુસાર થતી કોર્ટ ફી તથા વ્યાજની રકમ કાપીને નિયમોનુસાર/જરુરી ખરાઈ કરી/ ચકાસણી કરી ચુકવી આપવી.

(૩) આ ચુકવણી સંદર્ભે ભવિષ્યમા કોઈ વિવાદ ઉત્પન થાય કે અપીલ કોર્ટનો વિરુધ્ધનો હુકમ થાય તો આ રકમ રીકવરીપાત્ર થશે.

(૪) હાલની અરજી લગત થયેલ હુકમની નકલ જાણ સારુ એલ.એ.આર. નં. ૦૧/ ૨૦૧૮ સાથે સામેલ રાખવી.

હુકમ આજ તારીખ-૧૭ મી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી, જાહેર કર્યો.

(બકુલકુમાર નટવરલાલ દવે)
એડી. સીનીયર સીવીલ જજ,
બાલાસિનોર, જી.મહીસાગર
(Judge Code: GJ 01272)

બાલાસીનોર.
તા.૧૭-૦૪-૨૦૨૬

//સ્ટેનોગ્રાફર-ડી.એન.પંડયા//